Media Release

ઈડીઆઈઆઈ દ્વારા તાલીમ પામેલા હસ્તકલા સેતુ કારીગરોએ પરંપરા અને આધુનિકતાનો સમન્વય કર્યો

અમદાવાદ, 1 માર્ચ, 2024 – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ જીસીસીઆઈની બિઝનેસ વિમેન કમિટી (બીડબ્લ્યુસી) સાથેના સહયોગમાં ગુજરાત સરકાર દ્વારા સમર્થિત અગ્રણી પહેલ હસ્તકલા સેતુ યોજનાની કારીગરી દર્શાવતી મેગા ઇવેન્ટ રંગ સૂતનું આયોજન કર્યું હતું. ઈડીઆઈઆઈ હસ્તકલા સેતુ યોજનાનો અમલ કરી રહી છે અને આ પહેલ ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ દ્વારા સમર્થિત છે.

ત્રણ દિવસની ઇવેન્ટનું ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા, જીસીસીઆઈના પ્રમુખ શ્રી અજય પટેલ, ઇન્ડેક્સ-સીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી એન ડી પરમાર દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બીટુબી નેટવર્કિંગ ઇવેન્ટ યોજવામાં આવી હતી અને ભાગ લેનારા 40 કારીગરો વિચારોનું આદાનપ્રદાન કરવા તથા નવી ભાગીદારીઓ રચવા માટે 70 ઉદ્યોગ અગ્રણીઓ, કોર્પોરેટ્સ તથા ઉદ્યોગ સાહસિકો સાથે જોડાયા હતા. આ ઇવેન્ટમાં ભાગ લેનારાઓને ગુજરાતની 40 કારીગરોની 40 વિશિષ્ટ હસ્તકલાઓનું પ્રદર્શન કરતા એક વાઇબ્રન્ટ માર્કેટપ્લેસને નિહાળવાની તક મળી હતી.

આ ત્રણ દિવસની ઇવેન્ટ 3 માર્ચ, 2024ના રોજ એક ફેશન શૉ સાથે પૂરી થશે જેના માટે કારીગરોએ પરંપરાગત હસ્તકળાને આધુનિક સુંદરતા સાથે સરળ રીતે સમાવી શકે તેવા વસ્ત્રોના બેનમૂન કલેક્શન બનાવવા માટે ભારતના અગ્રણી ફેશન ડિઝાઇનર્સ સાથે સહયોગ સાધ્યો હતો.

2020માં શરૂ કરાયેલી હસ્તકલા સેતુ યોજના 33,800 કારીગરોના જીવનને સ્પર્શી છે અને 21,000થી વધુ કારીગરોને ગુજરાતમાં 33 જિલ્લાઓમાં આધુનિક તાલીમ મળી છે જેમાં વ્યવહારિક કુશળતા અને બજારના અનુભવો પૂરા પાડવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના કુટિર ઉદ્યોગો કમિશ્નર કચેરીના મહત્વના ભાગીદાર તરીકે ઈડીઆઈઆઈ રાજ્યમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા તથા ઉદ્યોગ સાહસિકતાનું જતન કરવા માટે પ્રતિબદ્ધ રહે છે.

About Entrepreneurship Development Institute of India (EDII)

The Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad was set up in 1983 as an autonomous and not-for-profit Institute with support of apex financial institutions - the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and State Bank of India (SBI). The Government of Gujarat pledged twenty-three acres of land on which stands the majestic and sprawling EDII Campus. EDII has been recognized as the CENTRE OF EXCELLENCE by the Ministry of Skill Development and Entrepreneurship, Govt. of India. The Institute has also been listed as the Institute of National Importance by the Education Department, Govt. of Gujarat. EDII operates across the country through its seven regional offices and PAN India project offices. It has international affiliates in Cambodia, Laos, Myanmar Vietnam, Uzbekistan and Rwanda. For more information visit: www.ediindia.org

For more information, contact:

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987